અપીલ અરજી નં.૨૭૭ તા.૪–૧૨ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી શ્રીધર બાજીરાવ ધકાતે
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ શ્રી શ્રીધર બાજીરાવ ધકાતેની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી ઝુંપડા નં.૩૪૦ ડીમોલીશન થતા વૈકલ્પિક જગ્યા આપવા રાજીવનગર ઝુંપડપટ્ટી, લીંબાયત, સુરત તા.૧૭–૨–૧૦ લીંબાયતઝોન તથા તા.૧૮–૨–૧૦ મ્યુ. કમિ.શ્રીને આપેલી અરજીઓના જવાબ લેખિતમાં આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૪–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૭૭/૨૦૧૦–૧૧ અપીલ

શ્રી શ્રીધર બાજીરાવ ધકાતેની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી ઝુંપડા નં.૩૪૦ ડીમોલીશન થતા વૈકલ્પિક જગ્યા આપવા રાજીવનગર ઝુંપડપટ્ટી, લીંબાયત, સુરત તા.૧૭–૨–૧૦ લીંબાયતઝોન તથા તા.૧૮–૨–૧૦ મ્યુ. કમિ.શ્રીને આપેલી અરજીઓના જવાબ લેખિતમાં આપવા બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રત્યુતતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે .

પ્રથમદર્શી રીતે અરજદારની રજૂઆત તકરાર નિવારણની જણાય છે. તેમ છતાં તે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે અપીલમાંની અરજદારની રજૂઆત અંગે તેમનો પક્ષ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૪૫ તા.૧૦–૧૨–૧૦ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં માહિતી નહીં મળ્યાની રજુઆત છે કે તકરાર નિવારણની? તેની સ્પષ્ટતા કરવા તથા મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત પણ જણાવેલ ન હોઈ તેની વિગતો માટે પત્ર પાઠવી મોકલી આપવા જણાવેલ. વધુમાં જાહેર માહિતી અધિકારીએ તા.૨૦–૧૧–૧૦ ના રોજ આપેલ માહિતી બાદ આપને શી વિગતે નારાજગી છે તે પણ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૭–૧–૧૦ ના રોજ હાથોહાથ પૂરક વિગતોમાં અરજદારની તા.૨૫–૧૦–૧૦ની અરજીની નકલ તથા અરજદારની તા.૧૭–૨–૧૦ ની કાર્યપાલક ઈજનેરને કરેલ અરજીની નકલ, નોંધ ન.૪૭ પૈકી ઝુંપડી નં.૩૪૦ ના ટેક્ષ ભર્યાની રસીદની નકલ, પ્લોટ નં.૧૪૮/૨ સર્વે નં.૩૫,૩૬ મારૂતીનગરના રેશનકાર્ડની નકલ,૧૪૭ લીંબાયત મારૂતિનગર મદનપુરા ગલી નં.૧૧, ૧૨,૧૩ લીબાંત ૩૬ થી નોંધાયેલ ચૂંટણીકાર્ડની નકલ, તા.૧૦–૫–૦૧ ના રોજ તેજલ વામન શ્રીધર મારૂતિનગર લીંબાયતનો નોંધાયેલ જન્મના દાખલાની તા.૧૦–૫–૦૧ ની નોંધણી અંગેનીનકલ પવન ધકાતે વામનભાઈ શ્રીધર તા.૨૦–૯–૦૫ ના નોંધાયેલ જન્મના પ્રમાણપત્રની નકલ, ધકાતે મનીષ વામનભાઈ ધો.૨(બ) ના દાખલાની નકલ અ ત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદારે મુળ અરજીમાં તા.૨૫–૧૦–૧૦ ની અરજી તથા ફી ભર્યા અંગેની રસીદ નં.૩૮૯૫૮૦ ની નકલ, અરજદારને તા.૨૨–૧૦–૧૦ ની અરજી બાબતે આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈઝોન/મહેકમ/૨૯૯૯ તા.૨૦–૧૧–૧૦ ના પત્રની નકલ રજૂ કરેલ છે, સેન્ટ્રલઝોન તરફથી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ થયેલ પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૦૪૯ તા.૨૬–૧૦–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૫–૧૦–૧૦ ની આઈ ડી નં.૭૯૨ નીઅરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન સુરત સંબોધતી અરજી સેન્ટ્રલઝોન મહાનગરપાલિકાને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન ધ્વારા સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૪૯ તા.૨૬–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજદારે ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે તા.૧૭–૨–૧૦ લીંબાયતઝોન અને તા.૧૮–૨–૧૦ મ્યુ. કમિ.શ્રીને ઝુંપડા નં.૩૪૦ ડીમોલીશન થતાં વૈકલ્પિક જગ્યા આપવા રાજીવનગર ઝુંપડપટ્ટી લીબાંયતમાં ડીમોલીશન થયેલ છે તેમાં વૈકલ્પિક જગ્યા કે પ્લોટ આપવા આપેલી અરજીઓના જવાબ લેખિતમાં માહિતી માંગેલ છે. જેમાં અરજદારે અપીલ અરજી સાથે તા.૨૫–૧૦–૧૦ ની મુળ અરજી કે મ્યુ. કમિ.શ્રીને તા.૧૮–૨–૧૦ ના રોજ કરેલી અરજીની નકલ રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી પણ તા.૨૫–૧૦–૧૦ ની અરજદારની અરજી બાબતે કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી કે માહિતીના ઈનકાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. જે બાબતે અરજદારે કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી ઝુંપડા નં.૩૪૦ રાજીવનગર ઝુંપડપટ્ટી લીંબાયત જગ્યાના પુરાવા રજૂ કરેલા છે છતાં કોઈ વૈકલ્પિક રહેવાની જગ્યા આપવા માટે કરેલ અરજીની માહિતી આપવાની રજૂઆત કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાતી નથી.

અરજદારે તેમની અપીલ અરજીમાં તા.૨૫–૧૦–૧૦ ની અરજીનો ઉલ્લેખ કરેલ અને તેની સાથે અપીલ અરજીમાં આ સાથે યોગ્ય પુરાવા રજૂ કરું છું તેમ જણાવી અરજી બાબતે સરખા વિષય વસ્તુ ધરાવતી તા.૨૨–૧૦–૧૦ ની અરજીની નકલ તેમની ફી રસીદ નં.૮૮૯૧ થી ભરપાઈ કરેલ તે તથા જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૦–૧૧–૧૦ ના રોજ તેમના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૨૯૯૯ થી આપેલ પ્રત્યુત્તરની નકલ રજૂ કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારી જણાવેલ કે " ઝુંપડા નં.૩૪૦ ૫૨ જે તે સમયે સ્થળ તપાસ દરમ્યાન ઝુંપડું ન હોવાથી તથા વસવાટ પણ ન હોવાથી તેમજ સદર પરિસ્થિતિને લીધે સ્લમ વિભાગ ધ્વારા કરવામાં આવેલ સર્વે દરમ્યાન હીન નંબર ન હોવાના લીધે અન્ય વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવેલ નથી." તેવું જણાવેલ છે.

ઉપરોકત વિગતો જોતાં અરજદારની તા.૨૫–૧૦–૧૦ ની અરજીમાં જે માહિતી માંગેલ છે તે જ માહિતી તા.૨૨–૧૦–૧૦ ની અરજીમાં પણ માંગેલ છે. અને તા.૨૨–૧૦–૧૦ ની અરજીની માહિતી જાહેર માહિતી અધિકારીએ નિયત સમય અવધિમાં અરજદારને પૂરી પાડેલ છે પરંતુ આરટીઆઈ કાયદાની કલમ–૬(૧) હેઠળ પ્રત્યેક અરજી સ્વતંત્ર હોઈ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારે તા.૨૫–૧૦–૧૦ ની અરજીનો કોઈ પ્રત્યુત્તર પાઠવેલ જણાતો નથી જે કાયદા મુજબ આપવા યોગ્ય થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી અરજદારની તા.૧૭–૨–૧૦ થી લીંબાયતઝોન અને તા.૧૮–૨–૧૦ થી મ્યુ.કમિ.શ્રીને કરેલી અરજીઓ બાબતે થયેલ કાર્યવાહી બાબતે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી શ્રીધર બાજીરાવ ધકાતે,